અપીલ અરજી નં.૩૯૮ તા.૧૦–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અમરનાથ ત્રિપાઠી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૧૭–૨–૧૧ની અરજીથી (૧) માં મંગલા કલીનિક નેમનગર બમરોલી રોડ પર કાર્યરત ડોકટર ત્રિપાઠી ના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ ગુજરાત રાજયમાં નોંધણીની ઝેરોક્ષ તથા ડીગ્રીનું વિવરણ. (૨) ભાગ્યલક્ષ્મી મેડિકલ સ્ટોર કે ફાર્માસિસ્ટનું રજીસ્ટ્રેશન નંબર, ફોન નંબર તથા મળવાનો સમય કેમકે ફાર્માસિસ્ટ હાજર નહી મળ્યા તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૦–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૮/૨૦૧૦–૧૧.

શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૧૭–૨–૧૧ની અરજીથી (૧) માં મંગલા કલીનિક નેમનગર બમરોલી રોડ પર કાર્યરત ડોકટર ત્રિપાઠી ના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ ગુજરાત રાજયમાં નોંધણીની ઝેરોક્ષ તથા ડીગ્રીનું વિવરણ. (૨) ભાગ્યલક્ષ્મી મેડિકલ સ્ટોર કે ફાર્માસિસ્ટનું રજીસ્ટ્રેશન નંબર, ફોન નંબર તથા મળવાનો સમય કેમકે ફાર્માસિસ્ટ હાજર નહી મળ્યા તેની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૯૧ તા.૩–૩–૧૧ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે મુદ્દા નં.૧ અંગે સંબંધકર્તા જાહેર સત્તામંડળ અને રજીસ્ટ્રેશન ઓથોરીટીને તબદીલ થયેલ છે કે કેમ ? તે જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૩ તા.૧૮–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/આ.નં.૧૦૧ તા.૬–૪–૧૧ ના પૂરક પત્રથી અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/આ.નં.૯૧ તા.૩–૩–૧૧ થી " મુદ્દા નં. ૧ માં "માં મંગલા કલીનીક" નેમનગર, બમરોલી રોડ ઉપર આવેલ ડો. ત્રિપાઠી અંગેની માહિતી ઉધનાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તથા મુદ્દા નં.૨ માં માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ ફુડ એન્ડ ડ્રગ્સ જિલ્લા પંચાયત સુરતને લાગત હોય તબદીલ કરવામાં આવેલ હોય તેમનો સંપર્ક કરવા વિનંતી." તેવી માહિતી નિયત સમય અવધિમાં પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૦–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલનું કારણ (૧) કથિત ડો. ત્રિપાઠી નો વોર્ડ તો છે પરંતુ ડોકટર ઉપલબ્ધ નથી. (૨) ડો. ત્રિપાઠીની ડીગ્રી તથા ગુજરાત સરકારનું રજીસ્ટ્રેશન સંદિગ્ન છે? શકય છે કે સદર ડોકટર બોગસ છે . " માં મંગલા કિલનીક" નેમ નગર, બમરોલી રોડને કાર્યરત ડોકટર ત્રિપાઠી કે પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ ગુજરાત સરકારમાં રજીસ્ટ્રેશનની ઝેરોક્ષ નકલ અને ડીગ્રીના વિવરણની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં સુરત મહાનગરપાલિકાના રેકર્ડ રાખવામાં ન આવતો હોવાથી માહિતી ઉપલબ્ધ થઈ શકે તેમ નથી. જે અંગે અરજદારે મજકુરને સા.ઝોન/આરોગ્ય/૯૧ તા.૩–૩–૧૧ થી પત્ર લખી માહિતગાર કરેલ છે. સદર મુદ્દા નં.૧ માં ઉલ્લેખ કરવામાં આવેલ ડો. ત્રિપાઠીના પ્રમાણપત્ર તેમજ ગુજરાત રાજય રજીસ્ટ્રેશનની માહિતી મેળવવા માટે પૂરતી વિગત સાથે ગુજરાત મેડીકલ કાઉન્સીલને મોકલવાથી અરજદારને પરભારે માહિતી મળી શકે તેવું જણાવેલ છે. પરંતુ અરજદારને તેની જાણ કરતો પત્ર કે લાગત સત્તા મંડળને આરટીઆઈ એકટની કલમ–૬(૩) નિયમ–૪(૨) હેઠળ જાહેર સત્તા મંડળને તબદીલ કરવાની રહે જે જાહેર માહિતી અધિકારી તરફથી થયેલ નથી. જયારે મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીએ મ. કમિ.શ્રી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બહુમાળી મકાન સી–બ્લોક, નાનપુરા,સુરત ખાતે અરજી તબદીલ કરવામાં આવેલ છે. જેથી અરજદારે લાગત સત્તા મંડળ પાસેથી માહિતી મેળવવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ લાગુ કાર્યક્ષેત્ર ધરાવતાં સત્તા મંડળ ગુજરાત મેડીકલ કાઉન્સીલ જણાવવામાં આવેલ છે પરંતુ મુદ્દા નં.૧ પૂરતી અરજી આરટીઆઈ એકટની કલમ–૬(૩) અને નિયમ–૪(૨) હેઠળ તબદીલ કરવામાં આવેલ નથી જે હુકમ મળ્યેથી તબદીલ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અમરનાથ એસ. ત્રિપાઠી,